ધન, તમાશાને નિર્માણ કરી શકે છે, તિર્થને નહીં, મંદિરને નહીં
- ચંદ્રકાન્ત બક્ષી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૮૩ | ૨૬ ડિસેમ્બર, ૨૦૧૪, શુક્રવાર ; પોષ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સચિવાલય વાઈફાઈ ઝોન બન્યું

## જાહેરાત થતાં કનેક્ટીવીટી આવી અને કાર્યક્રમ પૂર્ણ થતાં જ કનેક્ટીવીટી ગઈ !!!

ગાંધીનગર, તા. ૨૫

સચિવાલય સંકુલને વાઈ-ફાઈ વિસ્તાર ઘોષિત કરવાની જાહેરાત સાથે ઈ-ગવર્નન્સ-ડેની ઉજવણીના આરંભે કરાઈ હતી. આ જાહેરાત થતાં જ મોબાઈલમાં કનેક્ટીવીટી વાઈફાઈની મળી હતી પરંતુ કાર્યક્રમ પૂર્ણ થતાં જ આ કનેક્ટીવીટી ખોરવાઈ જવા પામી હતી.

સ્વર્ણિમ સંકુલમાં આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તેમજ મુખ્યસચિવ શ્રી પાંડિયનની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીના પ્રવચન પૂર્વે ચાર મહત્વની જાહેરાત કરાઈ હતી. જેમાં 'સાબરકાંઠા સ્વચ્છ' અંતર્ગત સાબરકાંઠાના સ્વચ્છતા અભિયાનની વાતોને વણી લેવામાં આવી હોવાનું જાહેર કરાયું હતું. આ ઉપરાંત વલસાડ જનસેવા કેન્દ્રની વેબસાઈટનું લોન્ચીંગ પણ કરવામાં આવ્યું હતું.

ગતિશીલ ગુજરાતના લક્ષ્યાંકમાં સચિવાલયને વાઈફાઈ ઝોન બનાવવાનો સમાવેશ કરાયો હતો.

કનેક્ટીવીટી જતી રહેતાં વિભાગના અધિકારીઓ એવું કહેતા સાંભળવા મળ્યા હતા કે, સ્વર્ણિમ સંકુલ-૧ ને આવરી લેવાયું છે. જો કે કાર્યક્રમ સ્વર્ણિમ સંકુલ-૧ માં હતો અને કાર્યક્રમ પૂર્ણ થતાં જ તે કનેક્ટીવીટી ખોરવાઈ જવા પામી હતી. આ બાબતે પત્રકારો સમક્ષ કોઈ સ્પષ્ટ વાત વિભાગના અધિકારીઓએ કરવાનું ટાળ્યું હતું. જો કે સૌના મુખે કનેક્ટીવીટી આવી ને... ગઈ... ! એ જ ચર્ચાનો મુદ્દો હતો.

## ઈ-ગર્વનન્સ વહીવટીય વિલંબ નિવારવા માટે છે : ડી.જે. પાંડિયન

ગાંધીનગર, તા. ૨૫

નાણાંકીય વર્ષ પૂર્ણ થવાની આડે હવે ૩ મહિના બાકી છે ત્યારે ઘણા બધા વિભાગોએ તેમની મંજૂર થયેલ અંદાજપત્ર જોગવાઈના ૫૦ ટકા ખર્ચ પણ કર્યો નથી અને આ માટે વહીવટીય પ્રક્રિયામાં થતો વિલંબ વધારે જવાબદાર જણાયો છે તે સારી સ્થિતિ કહી શકાય નહિ તેમ રાજયના મુખ્ય સચિવ શ્રી ડી.જે. પાંડિયને આજે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે ઈ-ગર્વનન્સ વહીવટીય વિલંબને નિવારવા માટે છે.

● અનુસંધાન પાન-૭ પર

## વેબસાઈટોના અપડેઈટ માટે વિભાગો નોડલ ઓફિસર નીમે : હૈદર

ગાંધીનગર, તા. ૨૫

પેપરલેસ એડમીનીસ્ટ્રેશન એ પડકાર છે પણ ઈ-ગર્વનન્સ દ્વારા ગુડ ગર્વનન્સની અનુભૂતિ કરાવી શકાય એ વાત શકય છે અને ગુજરાતે તે દિશામાં સારી સફળતા મેળવી હોવાનો દાવો વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકી વિભાગના સચિવશ્રી હૈદરે કર્યો હતો.

ગુડ ગર્વનન્સ ડેની ઉજવણીના સ્વાગત પ્રવચનમાં તેમણે જણાવ્યું હતું કે સરકારના જુદા જુદા વિભાગોની ૨૫૦ જેટલી વેબસાઈટ છે. પરંતુ તે

● અનુસંધાન પાન-૭ પર



મેરી ક્રિસમસ - ગાંધીનગર શહેરમાં ક્રિસમસની ઉજવણી ભારે ધામધૂમથી કરવામાં આવી હતી. ગાંધીનગરમાં રહેતા ખ્રિસ્તી પરિવારો દ્વારા ક્રિસમસની ઉજવણી માતા મેરીના જન્મ સમયને યાદ કરીને કરી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગર-એરપોર્ટ માર્ગ એક્સપ્રેસ-વેમાં ફેરવાશે

### સરગાસણ, પીડીપીયુ અને નર્મદા કેનાલ પાસે ૧૦૦ કરોડના ખર્ચે ત્રણ બ્રીજ બનાવાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સરકારે ગાંધીનગર-અમદાવાદ એરપોર્ટ રોડને એક્સપ્રેસ વે માં કન્વર્ટ કરવાનો નિર્ણય કર્યો છે. આ રોડ રાજભવન-અક્ષરધામ થી શરૂ થઈ ને અમદાવાદના એરપોર્ટ સુધીના ૨૦ કિલોમીટર વિસ્તારને આવરી લેશે.

એક્સપ્રેસ વે બની જતાં આ માર્ગને અવરોધતો કોઈ ટ્રાફિક જોવા નહીં મળે. રાજયના માર્ગ-મકાન વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ માર્ગ ઉપર ત્રણ નવા બ્રીજ બનાવવામાં આવશે જે સરગાસણ ચોકડી, પીડીપીયુ ક્રોસરોડ અને નર્મદા કેનાલ-કોબા પાસે હશે.

આ માર્ગ ઉપર હાલ બન્ને સાઈડે ફેન્સીંગનું કામ ચાલી રહ્યું છે. સર્વિસ રોડ પણ તૈયાર થઈ રહ્યો છે. આજુબાજુના વિસ્તારો અને ગામડાઓ આ સર્વિસ રોડનો ઉપયોગ કરી શકશે.

આ માર્ગને એક્સપ્રેસ વે બનાવવા માટેનો ફિઝિબિલિટી રિપોર્ટ પૂર્ણ થયો છે અને રાજય સરકાર ત્રણ નવા બ્રીજનું કામ ૨૦૧૫માં શરૂ કરે તેવી સંભાવના છે જેનો અંદાજીત ખર્ચ ૧૦૦ કરોડ રૂપિયા થવા જાય છે.


આ માર્ગનો ઉપયોગ વીવીઆઈપી જેવા કે ચીફ મિનિસ્ટર, ગવર્નર, પ્રાઈમ મિનિસ્ટર, દેશ-વિદેશના વિઝિટર્સ અને સલામતીની દ્રષ્ટીએ મહત્વના હોય તેવા વ્યક્તિઓ માટે કરી શકાશે.

# મહાત્મા મદિરમાં આતંકવાદી ઘુસ્યા : મોક ડ્રીલ

## પ્રદર્શન હોલમાં ઘુસીને બોમ્બ બાર્ડીંગ શરુ કરનાર ત્રણેય આતંકવાદીઓને કોર્ડન કરી ઠાર માર્યા : ત્રણ કલાક ચાલેલા ઓપરેશનમાં એસઓજીના ત્રણ જવાન ઘાયલ : ચેતક કમાન્ડોની મદદ લેવાઈ









(તસવીર : વિપુલ ચૌહાણ)

ગાંધીનગર, તા. ૨૫

વાઈબ્રન્ટ સમિટનું જયાં આયોજન કરવામાં આવ્યું છે અને દેશ વિદેશથી વીવીઆઈપી મહાનુભાવોનું જયાં આગમન થનાર છે તેવા મહાત્મા મંદિરના પ્રદર્શન વિભાગમાં બપોરે બે વાગ્યે ત્રણ આતંકવાદીઓ ઘુસી ગયા હતા. બોમ્બ બાર્ડીંગ શરુ કરી દેનાર ત્રણેય આતંકીઓ અંગે મેસેજ મળતા જિલ્લા પોલિસ ઉપરાંત કવીક રીસ્પોન્સ ટીમ, બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા ચેતક કમાન્ડો બોલાવી લેવાયા હતાં. ત્રણ કલાકના ઓપરેશન બાદ ત્રણેય આતંકવાદીઓને ઠાર મારી બંધક બનાવેલા મુલાકાતીઓને મુકત કરાવવામાં પોલીસને સફળતા મળી હતી અંતે પોલીસ સહિત સમગ્ર તંત્રની સજાગતા અને કામગીરીની ચકાસણી માટે મોક ટ્રીલ કરવામાં આવી હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

બપોરે ૨.૦૫ વાગ્યે મેસેજ મળ્યો કે મહાત્મા મંદિર ખાતે ત્રણ આતંકવાદીઓ હથિયારો સાથે ઘુસી ગયા છે અને બોમ્બ બ્લાસ્ટ શરુ કર્યો છે જેને પગલે ગાંધીનગર ડીવીઝનની પોલીસનો કાફલો, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ, કવીક રીસ્પોન્સ ટીમો તથા ચેતક કમાન્ડો ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને વાયરલેસને આધારે આતંકવાદીઓની મુવમેન્ટ તથા લોકેશન જાણી તેમને કોર્ડન કરવાની તજવીજ શરુ કરી હતી. તો બીજી તરફ ફાયરબ્રિગેડ તથા એમ્બ્યુલન્સ જેવી ઈમર્જન્સી સેવાઓ પણ બોલાવી લઈ તૈનાત કરી દેવામાં આવી હતી અને મહાત્મા મંદિર તરફના તમામ પ્રવેશદ્વારો સીલ કરી દેવાયા હતાં.

ફાયરીંગના અવાજને આધારે આતંકવાદીઓઓને ટ્રેસ કરીને ત્રણેય આતંકવાદીઓને તબક્કાવાર ૩ કલાકના ઓપરેશનમાં ગોળીથી વિંધી નાંખવામાં સફળતા મળી હતી. આતંકવાદીઓના નિશાન પર આવેલા ત્રણ એસઓજીના જવાનો ઘાયલ થતા એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્રણ કલાકના આપફરેશનમાં આતંકવાદીઓને ટ્રેસ કરીને ઠાર મારવામાં પોલીસ સફળ રહી હતી અંતે આઈજીપી તથા ડીએસપીની સુચનાથી ગાંધીનગર એસઓજી દ્વારા સુરક્ષા અને સતર્કતા ચકાસણીના ભાગરૂપે મોક ડ્રીલ રાખવામાં આવી હોવાનું જાહેર થયું હતું.

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર



શ્રી હરસિદ્ધી સિદ્ધી પીઠ
ત્રિ-દિવસીય પંચકુંડી શતચંડી મહાયાગ
તથા
સવા અગીયાર લાખ આનંદ ગરબા મહાઅનુષ્ઠાન
તા. ૨૭-૧૨-૨૦૧૪, શનિવારથી તા. ૨૯-૧૨-૨૦૧૪, સોમવાર
॥ માં હરસિદ્ધીનું દિવ્ય આમંત્રણ ॥
ગાંધીનગરના નગરદેવી તરીકેની સ્થાપના
શુભ સ્થળ
ગાદીપતી હનુમાનજી તથા
વિશ્વાસ એ. જાની (રસસિદ્ધી સિદ્ધી પીઠ)
પ્લોટ નં. ૧૦૩૧/૨, સે.૩ડી, ગાંધીનગર.
મો. : ૮૪૬૯૩ ૭૭૭૪૧
યજ્ઞના પાવન પ્રસંગો
પ્રથમ દિવસ (તા. ૨૭-૧૨-૨૦૧૪, શનિવાર)
● પંચાગ સવારે ૭-૦૦ કલાકે
● અરણી મંથન દ્વારા અગ્નિ સ્થાપન
● આરતી સાંજે ૬-૧૫ કલાકે
● સુંદરકાંડ રાત્રે ૮-૧૫ કલાકે (શ્રી દેડીબાપુ)
દ્વિતીય દિવસ (તા. ૨૮-૧૨-૨૦૧૪, રવિવાર)
● માતાજીની નગરયાત્રા-જળયાત્રા સવારે ૮-૦૦ કલાકે
● ૧૦૦૮ દિવાની નૃત્ય આરતી
● લોક ડાયરો રાત્રે ૮-૧૫ કલાકે (હેમંત ચૌહાણ, ભીખુદાન ગઢવી, ઘનશ્યામ કવિરાજ)
તૃતિય દિવસ (તા. ૨૯-૧૨-૨૦૧૪, સોમવાર)
● પ્રાંત ૭-૩૦ કલાકે
● લાલચુંદડીવાળા માતાજીના આશીર્વચન સવારે ૧૦-૦૦ કલાકે
● અન્નકૂટ દર્શન બપોરે ૧૨-૩૦ કલાકે
● પૂર્ણાહુતિ સાંજે ૪-૦૦ કલાકે
● ૧૦૮ દિવાની મહાઆરતી સાંજે ૫-૦૦ કલાકે
● ત્રણ દિવસ સવારે ૯ કલાકથી સાંજે ૫ કલાક સુધી અખંડ આનંદના ગરબાની ધૂન ●
● ભોજન પ્રસાદ ત્રણ દિવસ સવારે ૧૨ થી ૨ અને સાંજે ૪ થી ૮ ●
મખ્ય યજ્ઞના અધ્યક્ષશ્રી તથા આશીર્વાદ
અશ્વિનભાઈ એમ. જાની - મહંતશ્રી હરસિદ્ધ શક્તિપીઠ, લાડોલ ● મો. : ૯૮૭૯૩ ૩૬૫૯૮